બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોના ફિક્સ પગારમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૫/૨૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭.૧૦.૨૦૧૭

સંદર્ભ:-

(૧) નાણા વિભાગનો તારીખ ૧૮.૧.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧.

(૨) નિયામકશ્રી, શાળાઓની તારીખ ૧૦.૨.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : ઉમબ/ઉમા.૨/સંઘપ્રશ્ન/૨૦૧૭/૭૬૭-૧૯.

(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૨૧.૯.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૫/૨૨/ગ.

**આમુખ:-**

નાણા વિભાગ દ્વારા તારીખ ૧૮.૧.૨૦૧૭ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારીઓના ફિક્સ પગારમાં કરવામાં આવેલ સુધારા મુજબનો ફિક્સ પગાર રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને આપવા અંગે નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા તારીખ ૧૦.૨.૨૦૧૭ના સંદર્ભ (૨) હેઠળના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે. ફિક્સ પગારના કરાર આધારિત કર્મચારીઓના ફિક્સ પગારમાં વધારો કરવા માટે આ વિભાગના સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી અગાઉ નક્કી થયેલ પગારમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વક વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફિક્સ પગારની નીતિ અન્વયે નિમણૂંક પામતાં વર્ગ-૩ અને વર્ગ-૪ના શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકને સંદર્ભ (૩)ના તારીખ ૨૧.૯.૨૦૧૬ના ઠરાવથી ચૂકવવામાં આવતાં માસિક ફિક્સ પગારના દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે.

| ક્રમ | તારીખ ૨૧.૯.૨૦૧૬ના ઠરાવથી મળતો ફિક્સ પગાર | સુધાર્યા મુજબનો ફિક્સ પગાર (₹) |
|---|---|---|
| ૧ | ₹ ૭૧૦૦ + ૧૯૦૦ = ૯૦૦૦ + ૧૫૦૦ = ૧૦૫૦૦/- | ₹ ૧૬૨૨૪/- |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૨ | ₹ ૭૮૦૦ + ૨૨૦૦ = ૧૦૦૦૦ + ૧૫૦૦ = ૧૧૫૦૦/- | ₹ ૧૯૯૫૦/- |
| ૩ | ₹ ૧૩૫૦૦ + ૧૫૦૦ = ૧૫૦૦૦ + ૧૫૦૦ = ૧૬૫૦૦/- | ₹ ૨૫,૦૦૦/- |
| ૪ | ₹ ૧૩૭૦૦ + ૧૮૦૦ = ૧૫૫૦૦ + ૧૫૦૦ = ૧૭૦૦૦/- | ₹ ૨૬,૦૦૦/- |

આ વધારાનો અમલ થતાં ફિક્સ પગાર પર મળતું માસિક "ખાસ ભથ્થું" તેમજ ખાસ ભથ્થા પર મળતો વાર્ષિક ખાસ વધારો હવે પછી મળવાપાત્ર થશે નહીં.

ફિક્સ પગારની નીતિ સંદર્ભે આ વિભાગ દ્વારા વખતો વખતના ઠરાવથી નક્કી થયેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૧૬.૧૦.૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એમ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના. વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, (શાળાઓ)ની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી ની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- મેનેજરશ્રી, ઇન્ડેક્ષ્ટ બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજરશ્રી, I.F.M.S., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી.
- સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner